# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૯ તા.૩૦-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** નિષ્ઠા ૩.૦ (**FLN**) અંતર્ગત પૂર્વ પ્રાથમિક અને ધો.૧ થી ૫ ના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોને તાલીમ અન્વયે ટેલિકોન્ફરન્સ **બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૧-૨૨/૨૬૦૯૫-૨૭૬૫ તા.૩૦-૦૯-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ ૧ અને ૫ ના શિક્ષકો અને મુખ્ય શિક્ષકો માટે નિષ્ઠા ૩.૦(**FLN**) અંતર્ગત પાયાગત વાંચન, લેખન અને ગણનની તાલીમ આપવાનું આયોજન થયેલ છે. જે અંતર્ગત તા.૦૧-૧૦-૨૦૨૧ના રોજ માન.શિક્ષણ મંત્રીશ્રી, માન. શિક્ષણ મંત્રીશ્રી(રાજયકક્ષા) અને માન. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક) માર્ગદર્શિત કરવાના છે. આ માટે નીચે જણાવેલ સમયે ટેલિકોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. મદદનીશ શાસનાધિકારીશ્રીઓ, સુપરવાઈઝરશ્રીઓ, યુ.આર.સી.કો.ઓ.શ્રીઓ, સી.આર.સી.કો.ઓ.શ્રીઓ અને પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો તથા મુખ્ય શિક્ષકશ્રીઓએ આ ટેલિકોન્ફરન્સ નિહાળવા જણાવવામાં આવે છે.

ટેલિકોન્ફરન્સની તારીખ : ૦૧-૧૦-૨૦૨૧

ટેલિકોન્ફરન્સનો સમય : ૧૨-૦૦ કલાક થી વંદે ગુજરાત ચેનલ નં.૫ ઉપર

તા.૩૦-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૯-A તા.૩૦-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ધોરણ ૫ના પર્યાવરણ વિષયની શિક્ષક (તમામ માધ્યમ) તાલીમ બાબત.**
**સંદર્ભ :- ક્રમાંક : જશભ/તલમ/૨૦૨૧-૨૨/૩૦૬૬-૩૦૭૩ તા.૨૨-૦૯-૨૦૨૧**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ ૫ ના પર્યાવરણ વિષયની શિક્ષક તાલીમનું આયોજન તા.૦૪-૧૦-૨૦૨૧ થી તા.૦૬-૧૦-૨૦૨૧ દિન-૩ માટે કરવામાં આવેલ છે. ધોરણ ૫ ના પર્યાવરણ વિષય ભણાવતા તમામ માધ્યમના શિક્ષકોએ તાલીમ મેળવવા નીચે મુજબ બીનચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

તાલીમનો સમય : સવારે ૧૦-૩૦ થી ૧૭-૦૦ કલાક

: તાલીમનું સ્થળ :

| ક્રમ | યુ.આર.સી. ઝોન | તાલીમનું સ્થળ | તાલીમ માટે સમાવિષ્ટ કલસ્ટર |
|---|---|---|---|
| ૧ | પૂર્વ (વર્ગ-૧) | ઓઢવ ગુજરાતી શાળા નં.૩ મહેશ્વરીનગર, ઓઢવ | ઓઢવ-૩, નિકોલ પ્રા. શાળા, આદર્શ પ્રાથમિક શાળા, રામોલ પ્રા.શાળા, કરશનનગર શા.૧ અને અમરાઈવાડી પબ્લિક સ્કૂલ |
| | પૂર્વ (વર્ગ-૨) | રાજપુર શા.૧૭ અજિત મિલ | અંબિકાનગર હિ.૧, અમરાઈવાડી હિ.૯, અમરાઈવાડી હિ.૪, રાજપુર ઉ.૩, રાજપુર ઉ.૭ |
| | પૂર્વ (વર્ગ-૩) | અમરાઈવાડી શા.૧૬ નાગરવેલ હનુમાન પાસે | જશોદાનગર શા.૧, રાજપુર શા.૮, રાજપુર શા.૩, વિંઝોલ શા.૨, અમરાઈવાડી શા.૧૬ અને અમરાઈવાડી શા.૭ |
| ૨ | દક્ષિણ (વર્ગ-૧) | ઈસનપુર પબ્લિક -૧ ગેબનશાહ પીર પાસે | મણિનગર શા.૬, રાણીપુર શા.૨, ઈસનપુર પબ્લિક -૧,વટવા હિ.શા.૧ કુ.હિના વોરા પ્રા.શાળા, વટવા શા.૧, ખોખરા શા.૧૨, ગ્યાસપુર પ્રા.શાળા, કાંકરિયા શા.૬,ખોખરા પબ્લિક સ્કૂલ |
| | દક્ષિણ (વર્ગ-૨) | રાયખડ શા.૮ પૂંજાલાલની ચાલી | બહેરામપુરા શા.૧૧, બહેરામપુરા શા.૧૩, રાયખડ શા.૪, ખાડિયા શા.૨, બહેરામપુરા શા.૧૭,જમાલપુર શા.૪,મિલ્લતનગર ઉ.શાળા , દાણીલીમડા શા.૧, જમાલપુર ઉર્દૂ |
| | દક્ષિણ (વર્ગ-૩) | રવિનગર પ્રા.શાળા બુટભવાની, વેજલપુર | બાદરાબાદ,સરખેજ બ્રાંચ, વેજલપુરા શા.૨, સંકલીતનગર-૨ જોધપુર શા.૨, નવા વણઝર શા .૨ |
| ૩ | ઉત્તર (વર્ગ-૧) | સૈજપુર શા.૫ ફદેલી,સૈજપુર ટાવર | સૈજપુર પો.હે.શા.૨, હાંસોલ શા.૧,કુબેરનગર શા.૪, નરોડા શા.૧, નરોડા રોડ શા.૧, નોબલનગર શા.૩, સૈજપુર શા.૫ |
| | ઉત્તર (વર્ગ-૨) | બાપુનગર શા.૧૬ મંગલમ ફ્લેટ | અસારવા શા.૧૧, અસારવા શા.૩, બાપુનગર શા.૧૬, બાપુનગર શા.૫, જહાંગીરપુરા શા.૧, સરસપુર શા.૧૩, સરસપુર શા.૩ |
| | ઉત્તર (વર્ગ-૩) | નોબલનગર હિ.શા.૨ ખોડિયાર નગર | રખિયાલ અંગ્રેજી શા.૧, અસારવા હિ.શા.૧, બાપુનગર હિ.શા.૮, નોબલનગર હિ.શા.૨, ઠક્કરબાપા હિ.શા.૧ |
| ૪ | પશ્ચિમ (વર્ગ-૧) | એલિસબ્રીજ શા.૨ સુવિધા કોમ્પલેક્ષ, પગરખા બજાર પાસે | દૂધેશ્વર શા.૬, એલિસબ્રીજ શા.૧૨, એલિસબ્રીજ શા.૪, એલિસબ્રીજ શા.૨, શાહપુર શા.૧, શાહપુર શા.૧૧, વાસણા શા.૧, દૂધેશ્વર હિ.શા.૧ |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ક્રમ | યુ.આર.સી. ઝોન | તાલીમનું સ્થળ | તાલીમ માટે સમાવિષ્ટ કલસ્ટર |
|---|---|---|---|
| | પશ્ચિમ (વર્ગ-૨) | છારોડી પ્રા. શાળા છારોડી ગામ | આમલી પ્રા. શાળા, છારોડી પ્રા.શાળા, ઘાટલોડિયા પ્રા.શાળા ૨, ગોતા પ્રા. શાળા, રાણીપ પગાર કેન્દ્ર શાળા, રાણીય શા.૩, સોલા પ્રા.શાળા, થલતેજ શા.૧, વસ્ત્રાપુર પ્રા. શાળા |
| | પશ્ચિમ (વર્ગ-૩) | નવાવાડજ શા.૯ શિવમ ફલેટ | ચાંદખેડા , કાળી પ્રા.શાળા , કેશવનગર શા.૧, નારણપુરા શા.૧, નવાવાડજ હિ.૧, નવાવાડજ શા.૧, સાબરમતી પબ્લિક સ્કુલ, સાબરમતી શા.૨, સાબરમતી શા.૭ |

તા.૩૦-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૯-B તા.૩૦-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- NSP(National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.

સંદર્ભ:- ક્રમાંક : રાપબો/ NMMS/૨૦૨૧/૮૯૫૧-૯૦૬૬ તા.૨૯-૦૯-૨૦૨૧નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર(DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા 'નેશનલ સ્કોલરશીપ પોર્ટલ' વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં 'નેશનલ સ્કોલરશીપ પોર્ટલ' પર આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ સૂચના અને માર્ગદર્શન મુજબ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક:રાપબો/NMMS/2021/8951-9066

રાજ્ય પરીક્ષા બોર્ડ,
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
તા.-29/09/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
શાસનાધિકારીશ્રી, તમામ
નોડલ ઑફીસરશ્રી, તમામ

**વિષય: NSP (National Scholarship Portal) પર NMMS ના લાભાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત કરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) દ્વારા શિષ્યવૃત્તિની રકમની ચૂકવણી લાભાર્થી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સરળતાથી અને ઝડપી કરી શકાય તે હેતુથી ભારત સરકાર દ્વારા નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" વેબપોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. રાજ્યના NMMS યોજના વર્ષ-2021-22ના લાભાર્થી વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટેની દરખાસ્ત નિયત સમયમર્યાદામાં નેશનલ સ્કોલરશીપ પોર્ટલ" પર કરવાની થાય છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત વર્ષે આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ નોડલ ઑફીસરની નિમણૂક કરી સફળતાપૂર્વક કરવામાં આવેલ હતી. ચાલુ વર્ષે પણ જિલ્લા કક્ષાએ આ કામગીરી માટે નોડલ ઑફીસર દ્વારા અને તાલુકા કક્ષાએ આ કામગીરીના સંકલનની જવાબદારી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ/ શાસનાધિકારીશ્રીઓને સોંપવાનું નક્કી કરેલ છે.

આ ઉપરાંત સી.આર.સી. કો-ઑર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની **એપ્લીકેશન** NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર **<u>ઓનલાઇન એપ્લીકેશન</u>** કરવાની ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રીયા બાદ વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી **<u>સ્કૂલ વેરીફીકેશનની</u>** પ્રક્રીયા કરવાની રહેશે તથા સંબંધિત જિલ્લાના નોડલ ઑફીસરશ્રીએ **<u>જિલ્લા વેરીફીકેશની</u>** પ્રક્રીયા કરવાની રહેશે.

## ➢ <u>ટાઇમલાઇન</u>

- ❖ શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની **ઓનલાઇન** એપ્લીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર **<u>http://www.scholarships.gov.inપર એપ્લીકેશન સબમીટ</u>** કરવાની **<u>અંતિમ તારીખ:-20/10/2021</u>**
- ❖ વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર http://www.scholarships.gov.inપર **ઓનલાઇન <u>સ્કૂલ</u> <u>વેરીફીકેશનની</u>** કરવાની **<u>અંતિમ તારીખ:- 30/10/2021</u>**
- ❖ **<u>જિલ્લા નોડલ ઑફીસરે</u>** વિદ્યાર્થીની જિલ્લા વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનમાં જણાવ્યા અનુસાર http://www.scholarships.gov.inપર **ઓનલાઇન <u>જિલ્લા વેરીફીકેશનની</u>** કરવાની **<u>અંતિમ તારીખ:- 15/11/2021</u>**

## ❖ અગત્યની સૂચના

1. આ વિદ્યાર્થીઓનો સંપર્ક કરવા માટે તેઓના ગત વર્ષની શાળાનું નામ,સરનામું,ડાયસનંબર, વિગેરે વિગતો સાથેની વર્ષવાર યાદી આપવામાં આવેલ છે.
2. સી.આર.સી. કો-ઓર્ડીનેટર દ્વારા તેઓના ક્લસ્ટરની શાળાઓના વિદ્યાર્થીઓનો સંપર્ક કરી તે વિદ્યાર્થીઓની એપ્લીકેશન NSP (National Scholarship Portal) માટેની વેબસાઇટ http://www.scholarships.gov.in પર ઓનલાઇન એપ્લીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશન તથા વિડીયોમાં દર્શાવ્યા અનુસાર સંબંધિત તમામ વિદ્યાર્થીઓની ઓનલાઇન એપ્લીકેશન કરવાની રહેશે.
3. ઓનલાઇન એપ્લીકેશનની પ્રક્રીયા બાદ વિદ્યાર્થીની ચાલુ શૈક્ષણિક વર્ષની શાળાનો સંપર્ક કરી એપ્લીકેશન વેરીફીકેશન કરવાની પદ્ધતિના પ્રેઝન્ટેશનતથા વિડીયોમાં દર્શાવ્યા અનુસાર શાળાના આચાર્યની હાજરીમાં સંબંધિત તમામ વિદ્યાર્થીઓની સ્કૂલ વેરીફીકેશનની પ્રક્રીયા કરવાની રહેશે.
4. જે શાળાઓ દ્વારા ગત વર્ષે NSP (National Scholarship Portal) માટેયુઝર આઇડી-પાસવર્ડ મેળવેલ છે તે યુઝર આઇડી-પાસવર્ડથી ચાલુ વર્ષે પણ વેરીફીકેશન પ્રક્રીયા કરી શકાશે. જો શાળા પાસે યુઝર આઇડી-પાસવર્ડ ના હોય તો જિલ્લા નોડલ ઑફીસર પોતાના લોગીનમાંથી યુઝર આઇડી-પાસવર્ડ રીસેટ કરી શકશે. આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશનતથા વિડીયોમાં આપેલ છે.
5. જો શાળા NSP (National Scholarship Portal) એડ થયેલ ના હોય તો જિલ્લા નોડલ ઑફીસર પોતાના લોગીનમાંથી શાળા એડ કરી શકશે. આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશનતથા વિડીયોમાં આપેલ છે.
6. શાળાએ પોતાના લોગીનમાંથી શાળાની પ્રોફાઇલ અપડેટ કરવાની રહેશે.તથા શાળામાં ચાલતા ધોરણો (કોર્ષ) અપડેટ કરવાના રહેશે. શાળા પોતાના લોગીનમાંથી પ્રોફાઇલ અને ધોરણ અપડેટ કરશે ત્યારબાદ જ તે શાળા અને શાળામાં ચાલતા ધોરણો NSP (National Scholarship Portal) પર દેખાશે. . આ માટેની પદ્ધતિ પ્રેઝન્ટેશનતથા વિડીયોમાં આપેલ છે.
7. **ચાલુ શૈક્ષણિક વર્ષમાં સ્કોલરશીપ માટે અપાત્ર ઠરતા હોય તેવા વિદ્યાર્થીઓની NSP (National Scholarship Portal)પર દરખાસ્ત કરવાની રહેશે નહિ.**

## ➢ <u>સ્કોલરશીપ માટે અપાત્ર ઠરતા વિદ્યાર્થીઓ માટેની કારણોની વિગત:</u>

1. ચાલુ શૈક્ષણિક વર્ષમાં અભ્યાસ છોડી દીધો હોય.
2. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ડિપ્લોમા કે અન્ય કોઇ ટેકનિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય.
3. જે વિદ્યાર્થીઓએ ચાલુ શૈક્ષણિક વર્ષમાં ખાનગી શાળાઓ (પ્રાઇવેટ શાળા/સેલ્ફ ફાઇનન્સ શાળા), કેન્દ્રીય વિદ્યાલય, જવાહર નવોદય વિદ્યાલયતથા જે શાળાઓમાં રહેવા, જમવા અને અભ્યાસની સગવડ પૂરી પાડવામાં આવતી હોય તેવી રાજ્ય સરકારની સંસ્થાઓ દ્વારા ચાલતી નિવાસી શાળામાં પ્રવેશ મેળવેલ હોય.
4. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૯ માં પ્રવેશ મેળવેલ હોય પરંતુ ધોરણ-૮માં પ્રથમ પ્રયત્ને ઓછામાં ઓછા ૫૫% ગુણ (જનરલ-ઓ.બી.સી. કેટેગરી) અથવા ૫૦% (એસ.સી.-એસ.ટી. કેટેગરી) ગુણ મેળવેલ ન હોય.(વર્ષ-2020 માં NMMS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે)
5. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૦ માં પ્રવેશ મેળવેલ હોય પરંતુ ધોરણ-૯માં પ્રથમ પ્રયત્ને ઓછામાં ઓછા ૫૫% ગુણ (જનરલ-ઓ.બી.સી. કેટેગરી) અથવા ૫૦% (એસ.સી.-એસ.ટી. કેટેગરી) ગુણ મેળવેલ ન હોય. (વર્ષ - 2019 માં NMMS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે)

6. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૧ માં પ્રવેશ મેળવેલ હોય પરંતુ ધોરણ-૧૦માં પ્રથમ પ્રયત્ને ઓછામાં ઓછા ૬૦% ગુણ (જનરલ-ઓ.બી.સી. કેટેગરી) અથવા ૫૫% (એસ.સી.-એસ.ટી. કેટેગરી) ગુણ મેળવેલ ન હોય. (વર્ષ - 2018 માં NMMS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે)
7. ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૧૨ માં પ્રવેશ મેળવેલ હોય પરંતુ ધોરણ-૧૧માં પ્રથમ પ્રયત્ને ઓછામાં ઓછા ૫૫% ગુણ (જનરલ-ઓ.બી.સી. કેટેગરી) અથવા ૫૦% (એસ.સી.-એસ.ટી. કેટેગરી) ગુણ મેળવેલ ન હોય. (વર્ષ - 2017 માં NMMS પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે)

- ઉપરોક્ત ૧ થી ૭ પૈકી કોઇપણ કારણ ધરાવતા વિદ્યાર્થીઓને ચાલુ વર્ષે સ્કોલરશીપ મળવાપાત્ર રહેતી નથી. આથી આવા વિદ્યાર્થીઓની NSP (National Scholarship Portal) ઓનલાઇન એપ્લીકેશન કરવાની રહેતી નથી.

- નોડલ ઓફિસરશ્રીએ તેઓના જિલ્લાની યાદીમાં વિદ્યાર્થી સ્કોલરશીપ માટે પાત્ર છે કે નહિ, અપાત્ર હોય તો કારણ, પાત્ર હોય તો NSP પર ભરાયેલ ફોર્મનો એપ્લીકેશન આઇડી, સ્કૂલ વેરીફીકેશન થયેલ છે કે નહિ, જિલ્લા વેરીફીકેશન થયેલ છે કે નહિ તેની વિગતોની એક્સલ ફાઇલમાં ડે ટુ ડે એન્ટ્રી કરી બોર્ડને મોકલી આપવાની રહેશે.

સચિવ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ :</u>

- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ વિભાગ બ્લોક નં-૫/૭મો માળ સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, બ્લોક નં-૯ પહેલો માળ, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૨, ડૉ.જી.મ.ભવન, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૭૯-C તા.૩૦-૦૯-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- કલા ઉત્સવ-૨૦૨૧ (ઓનલાઈન) ના આયોજન બાબત.

સંદર્ભ:- ક્રમાંક:એસએસએ/QEM/કલાઉત્સવ/૨૦૨૧/૩૩૨૫૨-૩૨૭ તા.૨૯-૦૯-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, NCERT દ્વારા કલાઉત્સવ-૨૦૨૧નું આયોજન કરવામાં આવેલ છે. આ ઉત્સવ કોવિડ-૧૯ મહામારીના કારણે ઓનલાઈન મોડથી બિડાણ પત્ર મુજબ કરવામાં આવશે. તે માટે સંદર્ભિત બિડાણ પત્ર મુજબ બાળકોની અરજીઓ મેળવી તમારા ઝોનના યુ.આર.સી.કો.ઓ.ને તા.૦૫-૧૦-૨૦૨૧ સુધી મોકલી આપવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૩૦-૦૯-૨૦૨૧

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સમગ્ર શિક્ષા, સ્ટેટ પ્રોજેકટ ઓફીસ,**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**ફોન નંબર : (૦૭૯) ૨૩૨૩૪૯૩૯**
**ઈમેલ : ssamstatett@gmail.com**

**પત્રકમાંક : એસએસ/QEM/કલાઉત્સવ/૨૦૨૧/** ૩૩૨૫૨-૩૨૭ **તા.**૨૯**/૯/૨૦૨૧**

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા શિક્ષણાધકારીશ્રીની કચેરી**
**જિલ્લા તમામ.**

**પ્રતિ,**
**(૧) જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા પ્રોજેકટ ઓફીસ, સમગ્ર શિક્ષા,**
**જિલ્લા : તમામ.**
**(૨)એડી.જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર**
**અને શાસનાધિકારીશ્રી,**
**અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત કોર્પોરેશન**

**વિષય : કલા ઉત્સવ–૨૦૨૧ (ઓન લાઈન )ના આયોજન અંગે.**
**સંદર્ભ : (૧) કલા ઉત્સવ–૨૦૨૧ ની ગાઈડ લાઈન**
**(૨) એનસીઈઆરટીનો તા. ૩.૯.૨૧ અને તા.૧૭.૯.૨૧નો ઈ મેઈલ પત્ર**
**(૩) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મંજુરી અન્વયે**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, એનસીઈઆરટી ધ્વારા કલા ઉત્સવ ૨૦૨૧ ના આયોજન સંદર્ભે ગાઈડ લાઈન ઈ–મેઈલથી મળેલ છે જે અનુસાર કલા ઉત્સવનું આયોજન કરવાનું થાય છે.

આપ સુવિદિત છો કે, ગત વર્ષે કોવિડ–૧૯ ની મહામારીને લીધે જિલ્લા, ઝોન અને રાજયકક્ષાનો કલા ઉત્સવ પ્રિ રેકોર્ડેડ પરર્ફોમન્સ આધારે ઓનલાઈન મોડથી આયોજિત કરવામાં આવેલ હતો જયારે નેશનલ કક્ષાનો કલા ઉત્સવ રાજયકક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકોને ગાંધીનગર ખાતે બોલાવીને ઓનલાઈન પ્લેટર્ફોમ આધારિત હંગામી સ્ટુડીયો તૈયાર કરીને લાઈવ પરર્ફોમન્સને ઈન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન જીવંત મોડથી આયોજિત કરવામાં આવેલ હતો.

કોવિડ –૧૯ ની મહામારીના પ્રકોપની વર્તમાન પરિસ્થિતિ અને સામાજિક અંતરને ધ્યાને લેતાં આ વર્ષે નેશનલ કક્ષાનો કલા ઉત્સવ **"ઓન લાઈન મોડ"** થી કરવાનું એનસીઈઆરટી ધ્વારા નકકી કરેલ છે.

જિલ્લા,રાજય અને નેશનલ કક્ષના કલા ઉત્સવના આયોજન સંદર્ભે વિડીયો કોન્ફરન્સથી સૂચના આપેલ છે તથા નેશનલ કક્ષાનો કલા ઉત્સવ તા.૧.૧.૨૦૨૨ થી તા.૧૨.૧.૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન મોડથી યોજાનાર છે. તે માટેની એન્ટ્રી ૧૦, ડિસેમ્બર–૨૦૨૧ સુધીમાં એનસીઈઆરટી, ન્યુ દિલ્હીને મોકલવા જણાવેલ છે.

ઉકત બાબતોને ધ્યાને લઈ, છેલ્લા બે વર્ષથી કલા ઉત્સવનું આયોજન જિલ્લા, ઝોન અને રાજય કક્ષા એમ ૩ તબકકામાં યોજવામાં આવે છે તે અનુસાર ચાલુ વર્ષે પણ કલા ઉત્સવ–૨૦૨૧ નું આયોજન નીચે મુજબ હાથ ધરવામાં આવનાર છે.જે અનુસારની કાર્યવાહી સંબંધિત તમામ સ્તરે કરવાની રહેશે.

કલા ઉત્સવ–૨૦૨૧–૨૨ નું સમગ્ર આયોજન એનસીઈઆરટી, ન્યુ દિલ્હી ધ્વારા મળેલ ગાઈડ લાઈન (સોફટ કોપી સામેલ છે) આધારે કરવાનું થાય છે જે માટે જિલ્લાઓને તે ગાઈડ લાઈન આધારે નીચે મુજબની વિગતો સમાવિષ્ટ કરીને જિલ્લાઓને જિલ્લાકક્ષા, ઝોનકક્ષા, રાજયકક્ષાનો કલા ઉત્સવનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

**કલા ઉત્સવ–૨૦૨૧–૨૨ :**

કલા ઉત્સવનો મુખ્ય ઉદેશ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓની કલા પ્રતિભાને ઓળખી, તેમને પ્રોત્સાહિત કરી તેમની કલાનું મહત્વ વધારવાનો છે.

કલા ઉત્સવ ૨૦૨૧ નું મુખ્ય કેન્દ્ર કોઈપણ શૈલીનું લોક પરંપરાગત અને શાસ્ત્રીય કલા સ્વરૂપ રહેશે.

કલા ઉત્સવ ૨૦૨૧ ને દેશની વિવિધ સાંસ્કૃતિક વિરાસતની ઓળખ, આદાન–પ્રદાન અને અનુભવ કરવા હેતુ એક ઉચિત મંચ બનાવવા માટે, નવી શિક્ષણ નીતિની પરિકલ્પનાને સમાવેશ કરવાનો પ્રયત્ન કરેલ છે.

કોઈપણ સરકારી, સરકારી ગ્રાન્ટ ઈન એઈડ અને ખાનગી(નોન ગ્રાન્ટેડ) શાળાના IX, X, XI & XII ના ધોરણના(ધો.૯ થી ધો૧૨) વિદ્યાર્થીઓ કલા ઉત્સવ ૨૦૨૧ માં ભાગ લઈ શકશે. નીચે જણાવેલ વિવિધ સ્વરૂપોનો સમાવેશ આ હરીફાઈઓમાં કરવામાં આવશે.

કલા ઉત્સવ–૨૦૨૧ માં શાળાઓ ભાગ લઈ શકે તે માટે જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટ એઈડ ઈન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે.જી.બી.વી, આરએમએસએ શાળાઓ, મોડેલ સ્કુલો તથા મોડેલ ડે સ્કુલોને આપની કક્ષાએથી પરિપત્ર કરી જાણ કરવાની રહેશે.

કલા ઉત્સવ ૨૦૨૧માં નીચે મુજબના કલા સ્વરૂપો (કેટેગરી) નો સમાવેશ કરેલ છે.

**કલા ઉત્સવના ક્ષેત્રો :**

(૧) કંઠય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય)
(૨) કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત)
(૩) વાદ્ય સંગીત (Instrumental Music) કલાસીકલ (શાસ્ત્રીય)
(૪) વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત)
(૫) નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય)
(૬) નૃત્ય (Dance) (લોકનૃત્ય)
(૭) વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય)
(૮) વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય)
(૯) સ્વદેશી રમકડા અને રમતો

**કલા ઉત્સવ : કેટેગરી/ વિભાગ પ્રમાણેની વિગતો :**

| ક્રમ | કેટેગરી/વિભાગ | પ્રવેશ | ચોકકસ વિગત |
|---|---|---|---|
| ૧ | કંઠય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૨ | કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ બોલી અથવા શૈલી |
| ૩ | વાદ્ય સંગીત (Instrumental Music) કલાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ભારતીય કે દક્ષિણ ભારતીય |
| ૪ | વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ ભારતીય પરંપરાગત સંગીત વાદ્ય |
| ૫ | નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શાસ્ત્રીય સ્વરૂપ |
| ૬ | નૃત્ય (Dance) (લોક શૈલી) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | કોઈપણ રાજયના પરંપરાગત લોક નૃત્ય |
| ૭ | વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય) (2 D) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | ચિત્રકામ, પેઈન્ટીંગ અથવા છાપ |
| ૮ | વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય) (3 D) | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | શિલ્પ(મૂર્તિ) |
| ૯ | દેશી રમકડાં અને રમતો | ૧ કુમાર અને ૧ કન્યા સભ્ય | પરંપરાગત રમકડાં અને રમતો |

કલા ઉત્સવ ૨૦૨૧ નું આયોજન નીચે મુજબ ચાર સ્તરે કરીએ. જેમાં જિલ્લાની સરકારી, સરકારી ગ્રાન્ટેડ અને ખાનગી (નોન ગ્રાન્ટેડ) શાળાના ૯ થી ૧૨ ના વર્ગના વિદ્યાર્થીઓને સહભાગી કરવાના છે.(દિવ્યાંગ/વિકલાંગ બાળકોનો પણ સમાવેશ)

**કલા ઉત્સવ ૨૦૨૧ ના આયોજનના તબકકા :**

(૧) પ્રથમ તબકકો – જિલ્લા કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે આવેલ એન્ટ્રીના સ્પર્ધકો)
(૨) બીજો તબકકો – ઝોન કક્ષાની સ્પર્ધા (જિલ્લા કક્ષાની સ્પર્ધાના વિજેતા/સ્પર્ધક)
(૩) ત્રીજો તબકકો – રાજય કક્ષાની સ્પર્ધા (ઝોન કક્ષાની સ્પર્ધાના વિજેતા/સ્પર્ધક)

રાજયકક્ષાએ વિજેતા થયેલ સ્પર્ધકો/શાળાને નેશનલ લેવલના ઓનલાઈન કલા ઉત્સવમાં ભાગ લેવા આયોજન મુજબ મોકલવાના થાય.

આ વર્ષે જિલ્લાકક્ષાથી રાજયકક્ષા સુધી ઓફલાઈન મોડ અને નેશનલ કક્ષાનો કલા ઉત્સવ ઓનલાઈન મોડથી કરવાનો હોય, કલા ઉત્સવ કાર્યક્રમનું અમલીકરણ નીચે મુજબ કરવું.

**કાર્યક્રમનું અમલીકરણ :**

(૧) કોવિડ–૧૯ ની ગાઈડલાઈન(SOP)નું પાલન કરીને, જિલ્લાકક્ષા, ઝોનકક્ષા અને રાજયકક્ષાનો કલા ઉત્સવ ઓફ લાઈન મોડથી કરવામાં આવનાર છે.

(૨) જે તે કક્ષાના કલા ઉત્સવમાં ભાગ લેવા માટેના સભ્યો/શાળાઓને તેમની સ્પર્ધકોની એન્ટ્રી નિયત સમયગાળામાં મોકલવા જિલ્લા કક્ષાએથી જાણ કરવી.

ઉકત તમામ સ્પર્ધાઓમાં રાજયની ધો ૯ થી ૧૨ ધરાવતી તમામ સરકારી માધ્યમિક શાળાઓ, કેજીબીવી, મોડેલ ડે સ્કુલ, મોડેલ સ્કુલ, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓને ડીઈઓ/ડીપીસી મારફતે સત્વરે જાણ કરવી.

વધુમાં શિક્ષકો ધ્વારા પોતાની શાળાના બાળકો પૈકી ઉકત ઈન્વેન્ટમાં સામેલ થવા પ્રોત્સાહિત કરવા પ્રતિ શિક્ષકે અંદાજે ૧૦ બાળકો/વાલીઓનો ફોનથી સંપર્ક કરી શકશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકો,બીઆરસી/સીઆરસી/બીઆરપી ધ્વારા સપંર્ક કરીને આ સંદર્ભે મદદ કરવી.

જિલ્લા અને ઝોનકક્ષાની સ્પર્ધા માટે નોડલ ઓફિસર તરીકે એજયુકેશન ઈન્સ્પેકટર(EI), ડીઈઓ કચેરી તથા જે જિલ્લામાં ડીઈઓ કચેરી ખાતે આસિ. કો.ઓ. સેકન્ડરી હોય ત્યાં તે તથા તે જિલ્લાની સમગ્ર શિક્ષા કચેરીના એડી જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર–કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીટી) સંયુકત રીતે સબ નોડલ ઓફિસર તરીકે રહેશે જે જિલ્લામાં આ જગ્યા ભરાયેલ નથી જિલ્લા સમગ્ર શિક્ષા કચેરીના એડી જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર–કવોલિટી એજયુકેશન એન્ડ મોનીટરીંગ (ટીટી) રહેશે.

**જિલ્લા/ઝોન કક્ષાની સમગ્ર સ્પર્ધાના સુચારુ અમલીકરણ નીચે દર્શાવેલ કમિટી રહેશે.**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(કન્વીનર)
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
- પ્રાચાર્યશ્રી, ડાયટ
- જિલ્લા રમત ગમત અધિકારીશ્રી

જિલ્લા અને ઝોન કક્ષાની સ્પર્ધામાં જે તે લેવલે આવેલ એન્ટ્રીની સંપૂર્ણ ચકાસણી અને સ્પર્ધા સંબંધિત તમામ પૂર્વ તૈયારી જે તે સ્તરના નોડલ ઓફિસર અને સહ નોડલ ઓફિસરના માર્ગદર્શન નીચે નીચે મુજબની સમિતિએ કરવાની રહેશે.

| જિલ્લા ઓઆઈસી | સ્પર્ધા |
|---|---|
| જિલ્લા ઓઆઈસી કયુઈએમ | કંઠય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય)<br>કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત) |
| જિલ્લા ઓઆઈસી આઈઈડી | વાદ્ય સંગીત (Instrumental Music) કલાસીકલ (શાસ્ત્રીય)<br>વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત) |
| જિલ્લા ઓઆઈસી જેન્ડર એજયુકેશન | નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય)<br>નૃત્ય (Dance) (લોકનૃત્ય) |
| જિલ્લા રીસોર્સ પર્સન(એ.એસ) | વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય)<br>વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય)<br>સ્વદેશી રમકડા અને રમતો |

## સ્પર્ધાની વિગતો અને સમયપત્રક

| લેવલ | તારીખ | ઈવેન્ટ કેટેગરી |
|---|---|---|
| જિલ્લા કક્ષા | ૧૧ થી ૧૪ ઓકટોબર ૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) |
| | | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) |
| | | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો |
| ઝોન કક્ષા | ૨૮ થી ૩૧ ઓકટોબર ૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) |
| | | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) |
| | | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી(સ્થાનિક) રમકડાં અને રમતો |
| રાજય કક્ષા | ૨૫/૧૧/૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) |
| | ૨૬/૧૧/૨૦૨૧ | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) |
| | ૨૯/૧૧/૨૦૨૧ | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) |
| | ૩૦/૧૧/૨૦૨૧<br>૦૧/૧૨/૨૦૨૧ | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો |

**જિલ્લાકક્ષાની સ્પર્ધા, ઝોનકક્ષાની સ્પર્ધા, અને રાજયકક્ષાની સ્પર્ધા માટે નિષ્ણાંત/ જયુરી :**

- ૩ નિષ્ણાંત/ જયુરી રહેશે જે પૈકી ૧ સભ્ય DIET માંથી રહેશે.

**પ્રત્યેક સ્તરે સ્પર્ધા વાઈઝ ૦૩ તજજ્ઞો/નિષ્ણાંત/જયુરી નીચે મુજબ રહેશે.**

- કંઠય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય), કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત) માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખવા.
- વાદ્ય સંગીત (Instrumental Music) કલાસીકલ (શાસ્ત્રીય) અને વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત) માટે ૩ નિષ્ણાંતો રાખીએ. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખવા. નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય) અને નૃત્ય (Dance) (લોકનૃત્ય) માટે ૩ નિષ્ણાંતો રાખવા. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખવા.
- વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D ) અને વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3D ) માટે ૩ નિષ્ણાંતો રાખવા. જેમાં ૧ તજજ્ઞ ડ્રોઈંગ, ૧ પેઈન્ટીંગ અને ૧ તજજ્ઞ પ્રિન્ટ(છાપકામ) રાખવા. જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખવા.
- સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંતો રાખીએ.જે પૈકી ૦૧ નિષ્ણાંત ડાયટમાંથી રાખવા.

**<u>સ્પર્ધાનું સ્વરૂપ :</u>**

**(૧) જિલ્લાની સ્પર્ધા :**

- જિલ્લા કક્ષાની સ્પર્ધા ઓફલાઈન મોડથી યોજવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા ઉપર દર્શાવેલ એક થી નવ ક્ષેત્રોમાં યોજવી.
- જિલ્લાકક્ષાની સ્પર્ધા તા.૧૧ થી ૧૪ ઓકટો, ૨૦૨૧ દરમ્યાન જિલ્લાકક્ષાએ યોજવી.જેમાં ૧ દિવસમાં ૨ સ્પર્ધા શકય હોય તો યોજી શકાય.અથવા અલગ અલગ ઈન્વેન્ટ માટે બે સેશનમાં પણ યોજી શકાય.તે અંગેની શકયતા નોડલ ઓફિસરે ચકાસીને જિલ્લા કક્ષાની સ્પર્ધા માટેની સમિતિના સભ્યોની સલાહ–પરામર્શનમાં ગોઠવવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે જિલ્લાના તમામ બ્લોકમાંથી ૯ સ્પર્ધા માટે એક કુમાર અને એક કન્યા મુજબ એન્ટ્રી તા.૬ ઓકટો, ૨૦૨૧ સુધીમાં મંગાવવી. જેમાં તમામ કેટેગરીમાંથી એન્ટ્રી આવે તેવા પ્રયત્ન કરવા.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ માટે ૦૬ ઓકટોબર, ૨૦૨૧ સુધી આવેલ એન્ટ્રી જિલ્લાકક્ષાએ મળે તેની ચકાસણી કલા ઉત્સવની ગાઈન આધારે માન્ય કરવા અંગેની કાર્યવાહી જિલ્લાના જે તે સ્પર્ધાની ચકાસણીની કામગીરી સોંપેલ ઓઆઈસીઓએ કરવી.
- તમામ સ્તરની એન્ટ્રીની ચકાસણી તથા અન્ય ટેકનીલક સહયોગ બાબતે જિલ્લા એમઆઈએસ અને બ્લોક એમઆઈએસનો ટેકલીનલ સહયોગ મેળવીને કામગીરી કરવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે માન્ય એન્ટ્રીના સ્પર્ધકને તેમની સ્પર્ધા માટે ફાળવેલ તારીખ, સમય અને સ્થળે આપેલ સમય કરતાં એક કલાક પહેલા જરૂરી સાધન–સામગ્રી સાથે પહોંચવા બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે ૦૮ ઓકટોબર, ૨૦૨૧ સુધીમાં જાણ કરવી.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા સમયમર્યાદામાં પૂર્ણ કરવી.
- જિલ્લા કક્ષાની આયોજિત નવ સ્પર્ધામાં દરેક કેટેગરીમાં પ્રથમ ક્રમે આવનાર એક કુમાર અને એક કન્યાની ઝોન કક્ષાની સ્પર્ધા માટે પસંદગી કરવી.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાનું વીડીયો રેકોર્ડીંગ કરવું તથા તે વીડીયો રેકોર્ડીંગમાંથી ઝોન કક્ષા માટે પસંદગી પામનાર સ્પર્ધકોનું વીડીયો રેકોર્ડીંગ ઝોન કક્ષાના કલા–ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલવું.
- જિલ્લા કક્ષાએ યોજાયેલ તમામ વિભાગની સ્પર્ધાદીઠ ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે.
- જિલ્લા કક્ષાની તમામ સ્પર્ધાઓ તા.૧૧ થી ૧૪ ઓકટો,૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરી તેનું પરિણામ સંબંધિત ઝોનના જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને અને સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગરને

ઈ–મેઈલ ssamstatett@gmail.com અને તા.૧૬.૧૦.૨૧ સુધીમાં મોકલી આપવાનું રહેશે. તેમજ સ્ટેટ પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા કચેરીને સ્પર્ધાના હિસાબોનું માત્ર એકંદર પત્રક મોકલી આપવાનું રહેશે. તથા બચત રકમ પરત જમા કરાવવાની રહેશે. અસલ ફાઈલ જિલ્લા કક્ષાએ જમા રાખીને, જે તે સમયે ઓડીટ કરાવવાનું રહેશે.

**(૨) ઝોનકક્ષાની સ્પર્ધા :**

- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી જે તે જિલ્લાએ ઝોનકક્ષાના કલા ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલી આપવાની રહેશે. તથા તેની જાણ જે તે સ્પર્ધકને બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૧૬.૧૦.૨૧ સુધી જાણ કરવાની રહેશે.તથા તેની યાદી રાજયને પણ મોકલી આપવી.
- ઝોન કક્ષાની સ્પર્ધાઓ દર્શાવેલ તા.૨૮.૧૦.૨૧ થી તા.૩૧.૧૦.૨૧ દરમ્યાન જે તે ઝોનમાં યોજવાની છે. જે ઓફલાઈન મોડથી રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ ઝોન કક્ષાની સ્પર્ધા માટે સ્થળ પસંદગી કરીને તા.૨૨.૧૦.૨૧ સુધીમાં રાજયકક્ષાએ જાણ કરવાની રહેશે.
- ઝોન કક્ષાએ દરેક વિભાગની તમામ સ્પર્ધાદીઠ ઓછામાં ઓછા ૩ નિર્ણાયકો હોવા જરૂરી છે. જે અન્વયે આ તમામ નિર્ણાયકોની પસંદગી કરી તેની જાણ તા.૨૨.૧૦.૨૧ સુધીમાં રાજયકક્ષાએ મોકલવાની રહેશે.
- ઝોન કક્ષાના કન્વીનરશ્રીએ સહ કન્વીનર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી ઝોન કક્ષાની સ્પર્ધા માટે જરૂર જણાયે સહયોગ મેળવી શકશે.
- ઝોન કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ ઝોન કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી તા.૦૨.૧૧.૨૦૨૧ ના સુધીમાં રાજયકક્ષાએ તથા રાજયકક્ષાના કલા ઉત્સવના આયોજિત જિલ્લાને મોકલવાની રહેશે.જે અંગેની જાણ અત્રેથી કરવામાં આવશે.
- ઝોન કક્ષાની તમામ સ્પર્ધાનું વીડીયો રેકોર્ડીંગ કરવું તથા તે રેકોર્ડીંગમાંથી રાજય કક્ષા માટે પસંદગી પામનાર સ્પર્ધકોનું રેકોર્ડીંગ રાજય કક્ષાના કલા–ઉત્સવ આયોજિત જિલ્લાને મોકલવું.

**(૩) રાજય કક્ષાની સ્પર્ધા :**

- ઝોન કક્ષાએથી નવ વિભાગમાં કુમાર અને કન્યા કેટેગીરીમાંથી પ્રથમ પસંદગી પામેલ વિજેતાઓ માટે રાજય કક્ષાની સ્પર્ધા સંભવિત તા.૨૫.૧૧.૨૦૨૧ થી ૦૧.૧૨.૨૦૨૧ દરમ્યાન યોજવામાં આવશે. જે અન્વયે સ્થળની જાણ અત્રેથી કરવામાં આવશે.
- ઝોનકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની જાણ સંબંધિત બીઆરસી/સીઆરસી અને શાળા મારફતે તા.૨.૧૧.૨૦૨૧ સુધી કરવાની રહેશે.
- રાજય કક્ષાની સ્પર્ધા માટે દર્શાવેલ તારીખોમાં તમામ રાજય કક્ષાની સ્પર્ધાઓ પૂર્ણ કરી વિજેતા થયેલ ૧ કુમાર અને ૧ કન્યા સ્પર્ધકની યાદી તૈયાર કરી તેની જાણ સ્પર્ધકને જે તે જિલ્લા મારફતે કરવી.
- રાજય કક્ષાની તમામ સ્પર્ધાનું રેકોર્ડીંગ કરવું તથા તે રેકોર્ડીંગમાંથી નેશનલ કક્ષા માટે પસંદગી પામનાર સ્પર્ધકોનું રેકોર્ડીંગ નેશનલ કક્ષાના કલા–ઉત્સવ માટે તૈયાર કરી તેની એન્ટ્રી એનસીઈઆરટીની તા. ૧૦ ડિસેમ્બર, ૨૦૨૧ સુધીમાં અત્રેથી મોકલી આપનાર છે.

**(૪) રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા :**

આ સ્પર્ધા દિલ્લી ખાતે સંભવિત ૧ થી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન મોડથી યોજવામાં આવનાર છે.

ઉપરની વિગતો અનુસાર જિલ્લાકક્ષાથી નેશનલકક્ષાના કલા ઉત્સવના આયોજન અને અમલીકરણ હેતુ કલા ઉત્સવ–૨૦૨૧ ની અંગ્રેજી અને હિન્દી ગાઈડ ગાઈન(સોફ્ટ કોપી) પણ જિલ્લાઓને અભ્યાસ અર્થે આ સાથે અભ્યાસ અને માર્ગદર્શન હેતુ મોકલી આપવામાં આવે છે.જે વિગતે અભ્યાસ કરીને જે તે સ્તરના કલા ઉત્સવનું યોગ્યતે આયોજન કરવાનું રહેશે. તથા આ ગાઈડલાઈનના આધારે જરૂરી વિગતો એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક અને એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ પણ આ સાથે મોકલી આપવામાં આવે છે.

ઉકત વિગતોને ધ્યાને લઈ, જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓ પસંદગી પામે અને રાજય કક્ષા સુધી ભાગ લેવા ઉત્સાહી બને તે માટે તેઓને પ્રોત્સાહિત કરી ઉત્તમમાં ઉત્તમ રીતે સ્પર્ધાઓ થાય તેવા પ્રયત્ન શાળા અને જિલ્લા કક્ષાએ થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ અંગત રસ લઈ કાર્યવાહી કરવાની રહેશે.

**સચિવ અને ઓઆઈસી કયુઈએમ**
**એસપીઓ, સમગ્ર શિક્ષા,**
**ગાંધીનગર**

**બિડાણ :** (૧) કલા ઉત્સવ–૨૦૨૧ ગાઈડલાઈન
(૨) એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક
(૩) એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

**નકલ સવિનય રવાના જાણ અર્થે :**

- માન.સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન.એસપીડીશ્રી, સદર કચેરી.
- માન.નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં–૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં–૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- માન.નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર

## એનેક્ષર–૧ : સ્પર્ધાની વિગતો અને સમયપત્રક

| લેવલ | તારીખ | ઈવેન્ટ કેટેગરી | જયુરી/નિર્ણાયક સમિતિ |
|---|---|---|---|
| જિલ્લા કક્ષા | ૧૧ થી ૧૪ ઓકટોબર ૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) | શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) | • નૃત્ય/સંગીતનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફટનું બહોળું જ્ઞાન અને વિઝયુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| ઝોન કક્ષા | ૨૮ થી ૩૧ ઓકટોબર ૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) | શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) | • નૃત્ય/સંગીતનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી(સ્થાનિક) રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફટનું બહોળું જ્ઞાન અને વિઝયુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત સ્થાનિક રમકડા અને રમતો માટે૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| રાજય કક્ષા | ૨૫/૧૧/૨૦૨૧ | • કંઠય સંગીત – (શાસ્ત્રીય)<br>• કંઠય સંગીત – (પરંપરાગત) | • શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |

| લેવલ | તારીખ | ઈવેન્ટ કેટેગરી | જયુરી/નિર્ણાયક સમિતિ |
|---|---|---|---|
| | ૨૬/૧૧/૨૦૨૧ | • વાધ સંગીત – (શાસ્ત્રીય)<br>• વાધ સંગીત – (પરંપરાગત) | શાસ્ત્રીય સંગીત અને લોક સંગીતનું બહોળુ જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | ૨૯/૧૧/૨૦૨૧ | • નૃત્ય સંગીત – (શાસ્ત્રીય)<br>• નૃત્ય સંગીત – (લોક નૃત્ય) | • નૃત્ય/સંગીતનું બહોળું જ્ઞાન અને સંગીતનું બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |
| | ૩૦/૧૧/૨૦૨૧<br>૦૧/૧૨/૨૦૨૧ | • વિઝયુઅલ આર્ટ (2 D)<br>• વિઝયુઅલ આર્ટ (3 D)<br>• દેશી રમકડાં અને રમતો | • આર્ટ અને ક્રાફટનું બહોળું જ્ઞાન અને વિઝયુઅલ આર્ટ અંતર્ગત બેકગ્રાઉન્ડ ધરાવતા ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત<br>સ્થાનિક રમકડા અને રમતો માટે ૩ નિષ્ણાંત. જે પૈકી ૦૧ DIET માંથી ૧ નિષ્ણાંત |

**કલા ઉત્સવની સામાન્ય સૂચનાઓ અને ગાઈડ લાઈન નીચે મુજબ છે તે જિલ્લાઓને મોકલીને તે મુજબ જિલ્લા, ઝોન અને રાજય કક્ષાએ આયોજન કરવાનું રહેશે.**

## એનેક્ષર–૨ : કલા ઉત્સવના આયોજન અંગેની સામાન્ય સૂચનાઓ

**કલા ઉત્સવની સામાન્ય સૂચનાઓ અને ગાઈડ લાઈન નીચે મુજબ છે તે જિલ્લાઓને મોકલીને તે મુજબ જિલ્લા, ઝોન અને રાજય કક્ષાએ આયોજન કરવાનું રહેશે.**

➢ **સ્પર્ધા(ઈવેન્ટ) માટેની સામાન્ય માર્ગદર્શક સુચનાઓ/ગાઈડલાઈન :**

**ખાસ નોંધ:** જિલ્લા, ઝોન અને રાજયકક્ષાનો કલા ઉત્સવ હાલના સંજોગોમાં ઓફ લાઈન મોડ(પ્રત્યક્ષ)થી સ્પર્ધાના સ્થળે સ્પર્ધકે ઉપસ્થિત રહીને પરર્ફોરમન્સ કરવાનું રહેશે.અલબત્ત કોવિડ–૧૯ની મહામારીને ધ્યાને લેતાં, જિલ્લાકક્ષાની સ્પર્ધાનું રેકોર્ડેડ કરવાનું રહેશે. તથા તે પ્રિ રેકોર્ડેડ તરીકે ઝોન તથા ઝોન કક્ષાની સ્પર્ધાનું રેકોર્ડેડ પ્રિ રેકોર્ડેડ તરીકે રાજયકક્ષાએ આપેલ સમયમર્યાદામાં જે તે જિલ્લાએ મોકલી આપવાનું રહેશે. એટલે કે તમામ ઈન્વેન્ટમાં ભાગ લેવા સ્પધકના પરર્ફોરમન્સનું લાઈવ(જીવંત) રેકોર્ડેડ કરવાનું રહેશે. કોઈપણ સંજોગોમાં એડીટ/મોડીફાય કરેલ કૃતિ માન્ય ગણાશે નહિ. આ માટે સંબંધિત સહનોડલ, નોડલ ઓફિસરેજરૂરી ચકાસણી કરવી તથા જુરીએ પણ ચકાસણી કરીને મૂલ્યાંકન કરવુ.આ માટે જિલ્લાકક્ષાની આ અંગેની કમિટીના સભ્યોની સલાહ–પરામર્શન કરવું.

**ખાસ નોંધ : તમામ ઈવેન્ટ એકલ (SOLO) જ રહેશે.**

### (૧) કંઠય સંગીત (SOLO) :

**(૧) કંઠય સંગીત (Vocal Music) કલાસીકલ (શાસ્ત્રીય)**
**(૨) કંઠય સંગીત (Vocal Music) ટ્રેડીશનલ (પરંપરાગત)**

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- પોશાકો, સેટિંગ્સ, પોપ્સ અને વસ્તુઓ –સાધનો પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
- કોઈપણ વિધાર્થી/શિક્ષક મુખ્ય સહભાગી સાથે મળીને સાધન વગાડી શકશે.
- વ્યવસાયિક અને વ્યાપારી ટ્રેકને મંજયુરી નથી.

**મૂલ્યાંકન શીટ : કંઠય સંગીત(ગાયન)– શાસ્ત્રીય સંગીત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | સુર | તાલ | ગીતના શબ્દોનું ઉચ્ચારણ | સર્જનાત્મક/ રચનાત્મક | નિયમાવલી અનુસાર પ્રદર્શન | એકંદરે પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

**મૂલ્યાંકન શીટ : કંઠય સંગીત(ગાયન)– પરંપરાગત લોક સંગીત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | સુર | તાલ | ઉપભાષાનું ઉચ્ચારણ | વેશભુષાની ગુણવત્તા | સ્ટેજ સજાવટ સામગ્રીનો ઉપયોગ | એકંદરે પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૫ | ૧૫ | ૧૦૦ |

### (૨) વાદ્ય સંગીત (SOLO) :

(૧) વાદ્ય સંગીત (Instrumental Music) કલાસીકલ (શાસ્ત્રીય)
(૨) વાદ્ય સંગીત (Instrumental Music) ટ્રેડીશનલ (પરંપરાગત)

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- પોશાકો, સેટિંગ્સ, પોપ્સ અને વસ્તુઓ –સાધનો પ્રસ્તુતિ સંબંધિત હોવા જોઈએ.
- શિક્ષકો/વિધાર્થીઓ દ્વારા સહાયક સંગીત વાદ્યો વગાડી શકાશે.
- પરંપરાગત લોકસંગીત માટે, ફકત દેશી સંગીત વાદ્ય વગાડવાની જ મંજયુરી મળશે.
- ઈલેકટ્રોનિક/પ્રોગામેડ સંગીત વાદ્યના સાધનોને મંજયુરી આપવામાં આવશે નહી.

**મૂલ્યાંકન શીટ : વાદ્ય સંગીત –શાસ્ત્રીય સંગીત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | નિયમાનુસાર સુર | તાલ | વાદ્યની સુર ગુણવત્તા | સર્જનાત્મક | સંપૂર્ણ પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૫ | ૨૦ | ૧૦૦ |

**મૂલ્યાંકન શીટ : વાદ્ય સંગીત– પરંપરાગત લોક સંગીત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | સુર | તાલ | વાદ્યની સુર ગુણવત્તા | (સર્જનાત્મક) વેશભુષાની ગુણવત્તા | સ્ટેજ સજાવટ સામગ્રીનો ઉપયોગ | સંપૂર્ણ પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૨૦ | ૨૦ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

**(૩) નૃત્ય (SOLO) :**

(૧) નૃત્ય (Dance) કલાસીકલ (શાસ્ત્રીય)

(૨ ) નૃત્ય (Dance) (લોકનૃત્ય)

- પ્રસ્તુતિ માટેનો સમયગાળો ૪–૬ મિનિટનો રહેશે.
- શાસ્ત્રીય નૃત્યની પ્રસ્તુતિની શૈલીમાં ભારત નાટયમ, છઉ, કથક, સત્તરિયા, કુચિપુડી, ઓડિસી, મોહિનીઅટ્ટમ, કથકલી અને મણીપુરી નૃત્ય રહેશે.
- પારંપરિક લોકનૃત્યની શ્રેણીમાં કોઈપણ પ્રાંત/પ્રદેશનું પારંપરિક લોક નૃત્ય રહેશે.
- નૃત્યની પ્રસ્તૃતિ કોઈપણ શ્રેણી/પ્રકારની પારંપરિક/શાસ્ત્રીય/લોક/સમકાલીન હોઈ શકે છે.
- સહાયક સંગીત લાઈવ અથવા રેકોર્ડ કરેલ ઉપયોગમાં લઈ શકાશે.
- પોશાક અને મેકઅપ સરળ, અધિકૃત, વિષયવસ્તુ અને પ્રસ્તુતિને અનુરૂપ હોવુ જોઈએ.
- મંચ, વેશભૂષાની વ્યવસ્થા રાજય/સંઘ શાસિત પ્રદેશે કરવાની રહેશે.

**મૂલ્યાંકન શીટ : નૃત્ય –શાસ્ત્રીય (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | વિચારણા (ડીલબરેશન) | અભિવ્યકિત (હાવ ભાવ) | સંગીત | રચનાત્મકતા | મેકઅપ | પોશાક (વેશભૂષા) | સંપૂર્ણ પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

**મૂલ્યાંકન શીટ : નૃત્ય –પરંપરાગત (એકાંકી) :**

| શૈલીની પ્રમાણિકતા/ Style | વિચારણા (ડીલબરેશન) | અભિવ્યકિત (હાવ ભાવ) | સંગીત | રચનાત્મકતા | મેકઅપ | પોશાક (વેશભૂષા) | સંપૂર્ણ પ્રસ્તુતિ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૦ | ૧૫ | ૧૫ | ૧૫ | ૧૦ | ૧૦ | ૧૫ | ૧૦૦ |

**(૪) વિઝ્યુઅલ આર્ટ અને દેશી(સ્થાનિક)રમકડાં અને રમતો :**

(૧) વિઝ્યુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D )

(૨ ) વિઝ્યુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3D )

(૩ ) દેશી(સ્થાનિક) રમકડા અને રમતો

**સામાન્ય સૂચનાઓ :**

- દશ્ય કલા(દ્વિ–આયામી)માં કોઈપણ કલાકાર્ય જેની સાથે ચિત્રકલા શબ્દ જોડાયેલ છે તેને દ્વિ–આયામી કલાકાર્ય જ માનવામાં આવશે.ઉદાહરણ તરીકે દ્વિ–આયામી, ત્રિ–આયામી ચિત્રકલા ચટ્ટાન અને દિવાલ પર ચિત્રણ,ફર્શ એવં ગ્રાઉન્ડ પર કરેલ ચિત્ર વગેરે.
- ત્રિ–આયામી( વિઝ્યુઅલ આર્ટ વર્ક –3D) શિલ્પકલામાં પર્યાવરણ અનુરૂપ સામગ્રીનો ઉપયોગ અનિવાર્ય છે.

- ભાગ લેનાર તે/તેણીને નેશનલ કક્ષાની સ્પર્ધા દરમ્યાન તેમનું આર્ટવર્ક જે તે સ્થળે ચોકકસ સમય મર્યાદામાં શરૂ કરી પૂર્ણ કરવાની અપેક્ષા રાખવામાં આવે છે.
- દશ્યકલા સ્પર્ધા(વિઝયુઅલ આર્ટ વર્ક –2 D, વિઝયુઅલ આર્ટ વર્ક –3D અને દેશી રમકડા)માં તેમનું કાર્ય અને કલાકૃતિઓને પૂર્ણ કરવા માટે ર દિવસનો સમય આપી શકાશે. સ્પર્ધક ૧ દિવસમાં કાર્ય પૂર્ણ કરી શકશે.
- નોડલ અધિકારી પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે આ સ્પર્ધાના બીજા દિવસે તૈયાર થયેલ ફાઈનલ કલાકૃતિને વેબસાઈટ પર અપલોડ કરે.
- સહભાગીને તેની પસંદગીની કોઈપણ સામગ્રી/માધ્યમનો ઉપયોગ કરવા માટે છૂટ રહેશે.
- સહભાગીઓએ જયુરી સાથે ઓનલાઈન ક્રિયા–પ્રતિક્રિયા માટે ઉપલબ્ધ રહેવાનું રહેશે. જયુરી બન્ને દિવસ સહભાગીઓના કાર્યનું ઓનલાઈન નિરીક્ષણ અને તેમની સાથે વાતચીત કરતા રહેશે.
- કલા સામગ્રીની વ્યવસ્થા રાજયના અધિકારી ધ્વારા કરી શકાશે.
- વિઝયુઅલ આર્ટ વર્ક –2 D વિઝયુઅલ, આર્ટ વર્ક –3D અને દેશી રમકડાનું કદ વ્યકિતગત આવશ્યકતા મુજબ નકકી કરી શકાશે.સ્પર્ધકે એવી કૃતિ યા આકૃતિની પસંદગી કરે કે જેથી તે ર દિવસમાં પૂર્ણ થઈ શકે.
- દેશી રમકડાઓ બનાવનાર સ્પર્ધક પાસે એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દેશી રમકડાની કાર્યાત્મક ચોકસાઈ અને તેની મૂળ ડિઝાઈન પર ધ્યાન કેન્દ્રિત કરે.
- રમકડા નીચેની વિગતો સંબંધિત હોઈ શકે છે.(૧) ખેતીના ઓજાર અને સાધનો (ર) પંચતંત્રની વાર્તા(પાત્રો), જાતક કથા–વાર્તાઓ, લોકકથાઓ કે જે નૈતિક મૂલ્યોમાં વૃદ્ધિ કરવામાં મદદ કરે છે.
- રમકડાં બનાવવામાં ઉપયોગમાં લેવાતી સામગ્રી મૂળ રમકડાની પુનઃ ઉત્પાદન જેવી જ હોવી જોઈએ. જો રમકડામાં મૂળરૂપે વપરાયેલી સામગ્રી ઉપલબ્ધ ન હોય અથવા પ્રતિબંધિત હોય તો, સહભાગી(સ્પર્ધક) સ્થાનિક રીતે ઉપલબ્ધ ઈકોફ્રેન્ડલી સામગ્રીનો ઉપયોગ કરી શકશે.

નોડલ અધિકારીને વિનંતી કરીએ કે તેઓ તેમની સાથે તમામ નિર્માણ પ્રક્રિયાની રેકોર્ડિંગ કરીને તેમની પાસે ઉપલબ્ધ રાખશે જેથી જયુરી અથવા આયોજકોને જરૂર પડે તે ઉપલબ્ધ કરાવશે.

**મૂલ્યાંકન શીટ : વિઝયુઅલ આર્ટસ (દ્વિ પરિમાણિય– 2 D ) :**

| શૈલી | રચના | મૌલિકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક | સમગ્ર છાપ | પ્રસ્તુતિ /વર્ણન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦૦ |

**મૂલ્યાંકન શીટ : વિઝયુઅલ આર્ટસ (ત્રિ પરિમાણિય– 3 D )**

| શૈલી | પ્રોડકટની ઉપયોગિતા | મૌલિકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક | સમગ્ર છાપ | પ્રસ્તુતિ /વર્ણન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦૦ |

**મૂલ્યાંકન શીટ : સ્થાનિક રમકડાં અને રમત**

| અનુભવ | ઉપયોગિતા/ ઉત્પાદન અને મૂલ્ય | મૌલિકતા/પ્રાંસગિક રચનાત્મકતા | શુધ્ધતા/ બારીકાઈ | ટેકનીક | સમગ્ર છાપ | પ્રસ્તુતિ /વર્ણન | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦ | ૧૦ | ૧૫ | ૨૦ | ૧૦૦ |

**નોંધ :** સ્થાનિક રમકડાં અને રમતને પ્રોત્સાહન આપવા માટે માન. પ્રધાનમંત્રીશ્રીએ "મન કી બાત" કાર્યક્રમમાં ખાસ નિવેદન કરેલ છે.જેને ધ્યાને લેવા વિનંતી છે(જેમાં સ્થાનિક રમકડાં, કઠપૂતળી/પપેટ વગેરે.

**ખાસ નોંધ :** ઉપરોકત ગુજરાતી માર્ગદર્શિકા સરળતા ખાતર આપવામાં આવેલ છે. કોઈપણ તબકકે આવશ્યક/અંતિમ નિર્ણય માટે NCERT ધ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા/ગાઈડલાઈન (હિન્દી અને અંગ્રેજી) ધ્યાને લેવાની રહેશે. જે NCERT ની વેબસાઈટ www.kalautsav.in પર ઉપલબ્ધ છે.